નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ઘોર અંધારું થયું સારું થયું,
બેઘડી સ્મરણ પાછું તારું થયું.
એ બહાને બેઘડી ઊભવા મળ્યું,
ઠેસ વાગી, આમ તો સારું થયું !

- રાકેશ હાંસલિયા

પાથેય

- રમેશ ઠક્કર

અડચણોનો આનંદ...

માણસ જે અનુભવે છે એ ડહાપણ સ્વરૂપે સચવાય છે.કેટલાક એને અનુભવનું ભાથું પણ કહે છે.આપણા જીવનને જો આપણે એક સફર ગણતા હોઈએ તો એમાં દરરોજ તમારે કેટલીયે ખેપો મારવી પડે છે..એમાં સારા અને ખરાબ અનુભવો થતા જ રહે છે..કેટલીક બાબતો આપણને વારસામાં મળે છે..અનેક બાબતો એવી હોય છે જે આપણી પહોંચ બહારની બની રહે છે..માણસ ઘણીવાર ધારે છે કંઈક અને ઈશ્વર એને લઈ જાય છે બીજા કોઈ રસ્તે..આ અનિશ્ચિતતા એ પણ એક વાસ્તવિકતા છે..કોઈ બાબત કેટલી ખરાબ છે એનો અંદાજ પામવા માટે આપણને સારી ચીજનો અનુભવ હોવો જોઈએ..એવું જ કોઈ બાબતને શ્રેષ્ઠ માનવા માટે આપણી પાસે કનિશ્ઠ કેવું હોય એની જાણકારી જરૂરી છે..દરેક નવી પળ આપણને કશુંક નવું શીખવી જાય છે..ઘોર અંધકાર એટલે અફાટ મુસીબતો એવું કહી શકાય..એવો સમય આપણને બહારના જગત કરતાં આપણી અંદરની શકિતઓનો વધારે પરિચય કરાવતો હોય છે.

એક સરખા દિવસો આમ પણ હોતા નથી..માણસના જીવનને પણ એ જ નિયમ લાગુ પડે છે..રોજિંદા જીવનમાં કભી ખુશી કભી ગમ જેવા અનુભવો થતા રહે છે..સારી ઘટનાઓ કે મનગમતા પ્રસંગો માણસને આનંદ આપી જાય છે..ખરાબ કે કડવા પ્રસંગો પારાવાર વેદના આપી જાય છે..આપણે ઈચ્છીએ તો આ બંને પ્રકારના અનુભવો ઉપરથી ઘણું શીખી શકીએ છીએ..સામાન્ય રીતે સુખના પ્રસંગો ઝડપથી પુરા થઈ જતા હોય એવું લાગે છે..દુઃખના દહાડા વસમા બની જાય છે..કવિઓ લેખકો કે ફિલસૂફો આવું માનતા નથી ! એ હંમેશાં આપત્તિમાંથી પણ અવસર શોધતા રહે છે.! એકાદી ઠેસ વાગતાં જ કોઈકની યાદ આવી જાય એ કલ્પના જ કેટલી રોમાંચક છે !

આપણે માનીએ છીએ કે સુખ સંપત્તિ કે વૈભવ થકી માણસ પ્રગતિ કરે છે.કોઈ મોટી પાઠશાળા કે કોલેજમાંથી જ જ્ઞાન પ્રાપ્ત થતું રહે છે..મોટા વૈભવશાળી બંગલામાં રહેતા લોકો જ સુખને સમજી શકે..આ બધી વાતો ખરેખર માણસને જા વિકસવાની તકો છે એ માટે જરૂરી હોતી નથી..માણસ સારા સંજોગોમાંથી ઘડાય એના કરતાં એને ખરાબ અનુભવો અનેક બાબત શીખવી જાય છે..માણસ જયારે મુસીબતમાં હોય ત્યારે જ એની સુષુપ્ત શકિતઓ ખીલી ઉઠતી હોય છે..અડચણોમાંથી જો આનંદ કરવાની આવડત આવડી જાય તો આખું જગત આસાન બની જતું હોય છે !

દરેક વાદળની એક રૂપેરી કોર હોય છે.આશાવાદ એ જ મોટો આશીર્વાદ પુરવાર થતો હોય છે.માણસ જે ભુલો કરે છે એનો હિસાબ રાખી એનાં કારણો કે એમાંથી મળતા અનુભવોનું જો આકલન કરતો રહે તો આગળ વધવાનો રસ્તો આસાન થતો જાય છે..ઠેસ તો દરેકને વાગતી રહે છે..એનું દર્દ પણ બધાને સરખું થાય છે..પરંતુ જે લોકો ઠેસ પછી પણ જીવવાનો આવેશ જાળવી રાખે છે એ જ ઝડપથી સ્વસ્થ થઈ શકે છે..જીવન ચાલતું રહે છે..એકાદું સ્ખલન કે એકાદી વિફળતા જો તમને અટકાવી જાય તો એ બંધિયાર બની જાય છે...ચાલતાં ચાલતાં વાગી જતી ઠેસ આપણને ઉભા રહી વિચારવાનો સંકેત આપે છે..પૂરપાટ દોડી જતા આપણા જીવનને એક વિવેક આપે છે..આવી ઠેસ એ કોઈ અડચણ નહીં પણ ઉભા રહેવાનો એક વિસામો બની જતો હોય છે..આવી જીવનસમજણ જયારે માણસ પ્રાપ્ત કરે ત્યારે જ લોકો કહેશે કે આપણું જીવ્યું સાર્થક !

આંબેડકરની ઉપેક્ષા ભારે પડી શકે છે

તંત્રીસ્થાનેથી...

પ્રજા કયારે કયા નેતાને માથે ચડાવશે અને કયા નેતાને માથા પરથી નીચે ઉતારી મૂકશે તે કળવું મુશ્કેલ છે. આઝાદી આંદોલનના સર્વમાન્ય નેતા તરીકે ગાંધીજીને દેશ આખામાં સ્વીકૃતી અને સન્માન મળતું રહ્યુ છે. 'રાષ્ટ્રપિતા' જેવું બહુમાન અન્ય કોઈ નેતાને મળ્યું નહોતું કે ભવિષ્યમાં મળે એવી સંભાવના પણ નથી. જો કે બંધારણના ઘડવૈયાએ બરાબર સિફતપૂર્વક આ મુદ્દ છોડવાનું ટાળ્યું છે. રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત વિશેની ચોખવટ છે. પરંતુ વ્યક્તિ વિશેષને 'રાષ્ટ્રપિતા' ગમવા એવો કયાંક ઉલ્લેખ નથી. છતાં એક વણલખ્યા નિયમ મુજબ મહાત્મા ગાંધીની છબી દરેક સરકારી કચેરીમાં ફરજિયાત મુકાતી રહી છે, એમના ફોટા ચલણી નોટો પર અને સિક્કાઓ પર છપાતા રહ્યા છે તથા એમના જન્મ દિવસે રાષ્ટ્રીય પર્વ ઉજવાય છે. મૃત્યુદિનને શહીદ દિવસનો દરજ્જો અપાયો છે. આખા દેશમાં ૧૧ વાગ્યે બે મિનિટનું મૌન પળાય છે. ગાંધીજીની પ્રચંડ પ્રતિભાએ આખા વિશ્વને ઊંડાણમાં લીધું હતું. એટલે દુનિયામાં ભાગ્યે જ કોઈ એવો મોટો દેશ હશે જયાં એમની પ્રતિમા સ્થાપિત ન કરાઈ હોય. આવા શતાબ્દીપુરુષની પંગતમાં સમકાલીન અન્ય નેતાઓનો પાટલો મૂકવાની ચેષ્ઠા પણ વારંવાર થતી રહી છે. પંડિત જવાહરલાલ નહેરુ પ્રથમ વડાપ્રધાન તરીકે ગાંધીજીની લગોલગ દેખાતા રહ્યા છે. એ પછી સરદાર પટેલને પણ એણું સન્માન અપાવું જોઈએ એવી માગણી બવવત્તર બની. હવે એ યાદીમાં ઉમેરાયા છે આંબેડકર. ગાંધીજી અને આંબેડકર વચ્ચે ઘણી બાબતોમાં મતભેદ હતો. પરંતુ રાષ્ટ્રનિર્માણમાં આંબેડકરનું પ્રદાન નજરઅંદાજ કરી શકાય એમ નથી. એમણે દલિતો માટે સમાન અધિકારોની ઝુંબેશ ચલાવી જેને ગાંધીજીની માન્યતા તો અગાઉથી જ મળેલી હતી. પરંતુ ચાતુર્વર્ણ્યના પરંપરાગત સંદર્ભે હિંદુ ધર્મમાં ઊંચનીચના ખ્યાલોને નિરસ્ત કરવાનું અઘરું હતું. આંબેડકરે આખું જીવન દલિતોદ્ધાર પાછળ હોમી દીધું. એમણે તો દલિતો માટે અલગ મતાધિકારની પણ માગણી કરી હતી જેમાં દલિતો જ પોતાના પ્રતિનિધિને ચૂંટે એવી યોજના હતી. ગાંધીજીએ એનો વિરોધ કર્યો અને આમરણાંત ઉપવાસ શરૂ કર્યા હતા. એમનો જીવ બચાવવા આંબેડકરે આખરે બેવડા મતાધિકારની માગણી પડતી મૂકીને 'પૂના કરાર' કર્યા હતા. આંબેડકરને જ ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન બનાવવા પાછળ પણ ગાંધીજીનો આગ્રહ જવાબદાર હતો. બંધારણના ઘડવૈયા તરીકે આંબેડકર માત્ર દલિતોના નેતા નહીં રહેતાં સમસ્ત રાષ્ટ્રના નેતા તરીકે પ્રસ્થાપિત થયા. સરકારી ભવનોમાં એમની છબી પણ મુકાવી જોઈએ એવી માગણી ઊઠી છે જે મહદંશે વાજબી છે. પંજાબ અને દિલ્હી પ્રદેશની સરકારોએ તો આંબેડકરની સાથે ભગતસિંહની છબી પર મૂકી. ગુજરાત સરકારે ગાંધી, સરદાર અને વડાપ્રધાન તથા વર્તમાન રાષ્ટ્રપતિ સાથે શાસક પાર્ટીના બે મહત્ત્વના નેતાઓ - શ્યામાપ્રસાદ મુખર્જી અને દીનદયાળ ઉપાધ્યાયની તથા 'ભારત માતા'ની તસવીર મંત્રીઓનાં કાર્યાલયોમાં મૂકવાનું શરૂ કર્યું. આંબેડકરની છબી મૂકવા માટે કેટલાક દલિત અગ્રણીઓએ માગણી કરી ત્યારે સામાન્ય વહીવટ વિભાગે એ માટેનો ઠરાવ નહીં થયેલ હોઈ એ નહીં મૂકી શકાય એવો જવાબ કર્યો છે. આથી સ્વાભાવિક રીતે જ દલિત સમાજની લાગણીને ઠેસ પહોંચી છે. આમ આદમી પાર્ટીએ દિલ્હી અને પંજાબમાં પહેલ કરી હોઈ ગુજરાતમાં એ ચૂંટણી મુદ્દો બની શકે છે. વિડંબના એ છે કે ભગતસિંહ જેવા શહીદથી લઈ સરદાર - સુભાષ અને આંબેડકરને રાજકીય પાર્ટીઓ અંગત લાભ ખાતર ચૂંટણીના સમરાંગણમાં ઢસડી ચાલવા ટેવાઈ ગઈ છે. ગાંધી કરતાં સરદારને મોટા કરવાના નુસખા ચાલી રહ્યા છે અને પંડિત જવાહરલાલ નહેરુએ તો જાણે દેશનું ધનોતપનોત કાઢી નાખ્યું હોય એમ ભાત ભાતની કપોલ કલ્પિત કથાઓ વહેતી મુકાઈ રહી છે. એટલું ઓછું હોય એમ હવે તો ગોડસેના કૃત્યને વાજબી ઠેરવવાના પણ ખુલ્લા પ્રયાસો શરૂ થઈ ગયા છે.

સજ્જન આંગળી પકડે અને સ્વાર્થી અંગૂઠો બતાવે છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

બુદ્ધને મહાવીરમાં જાગી ગયું,
મારી અંદર જે સૂતેલું હોય છે.

- મેહુલ પટેલ 'ઈશ'

ચૈત્ર સુદ તેરસ ભગવાન મહાવીરનો 'જન્મ કલ્યાણક દિન'.... મહાવીર સ્વામી જન્મજયંતિ... સમયે સમયે જાગતિક જરૂરિયાત રુપે મહાપુરુષોનું અવતરણ થતું રહેલું છે. મહાપુરુષોનો જન્મ વિશ્વ કલ્યાણ અર્થે જ હોય છે !

'કુલં પવિત્રં જનની કૃતાર્થા, વસુંધરા પુણ્યવતી ચ યેન ।'

જેના જન્મથી કુળપવિત્ર થાય છે, જનની કૃતાર્થતા અનુભવે છે અને મા વસુંધરા પોતાને પુણ્યવતિ માને છે, તે સાચો મહાવીર !

મા ત્રિશલાની કૂખે જન્મેલો વર્ધમાન દિન પ્રતિદિન વધતો જ ગયો. વિકાસની પરમોચ્ચ અવસ્થાને પ્રાપ્ત કરીને અંતે 'મહાવીર' નામે વિશ્વ વિખ્યાત થયો!!!

માનવજાતને અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી ન કરવી), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - (સંગ્રહ ન કરવો) - આ પંચશીલ આદર્શો થકી મોક્ષ પ્રાપ્તિનો માર્ગ સૂચવ્યો. જૈન ધર્મમાં નવું ચૈતન્ય જગાવ્યું.

દોસ્તો, 'જૈન' શબ્દ કાને પડતાં જ મનમાં એક ચિત્ર ઉપસી આવે... જૈન એટલે એક નંબરના વેપારી... મેં એવાયે જૈન વૈપારી જોયા છે કે જે પ્રાપ્ત : કાળે પરવાનીને અનેરી શ્રદ્ધા ભક્તિથી પૂજા કરે અને એથીયે બમણી શ્રદ્ધાથી વેપાર પણ કરે. જૈન- શાંતિપ્રિય પ્રજા. ખાવાપીવાના શોખીન અને આયંબિલ અઠ્ઠાઈ કે માસ ક્ષમણના ઉપવાસ પણ આદરી જાણે... 'જીવો અને જીવવા દો' - આ મૂલમંત્રને જૈનોએ પચાવેલો ... પોતાનું સઘળું ધન રાજય માટે ન્યોચ્છાવર કરનાર દાનવીર જગડુશા.... વસ્તુપાળ - તેજપાળ જેવા બુદ્ધિવીરોએ સર્જેલા 'દેલવાડાંનાં દેરાં' .... કુદરતી આપદા વખતે અન્નભંડાર ખુલ્લા મુકી દેનારા જૈન શ્રેષ્ઠીઓની ગૌરવવંતી ગાથાઓ ઈતિહારના પાને મઢેલી. સોનું-રૂપું, હીરા-માણેક ઝવેરાતોથી ઝળહળતા, આંખને આંજી દે એવા ધનવૈભવથી દેપિપ્યમાન દેરાસરો જોવા મળે - તો સામે પક્ષે સાવ સાદગીભર્યા જૈન મુનિ મહારાજ સાહેબો !!!

અમારા વડીલો કહેતા, 'સોનું કટાય નહીં અને વાણિયો વટલાય નહીં.' એક સમયે આ વહાણીયા વેપારી - મહાજનોની દોવરણીથી અમારા ગામડાં દોરાતાં ! હમણાં વાંચેલી એક યાદ આવે છે, જયોર્જ બર્નાડ શૉને ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધી મળવા ગયા ત્યારે એક સવાલ પૂછેલો કે, 'તમે આવતો જન્મ કયા કુળમાં લેવા ઈચ્છો છો ?' તો બર્નાડ શૉએ કહેલું કે, 'આવતા જન્મમાં મારે જૈન બનવું છે.' દેવદાસે પૂછ્યું, 'શું કામ ?' ત્યારે બર્નાડ શૉએ કહ્યું કે, 'એક ધર્મ એવો છે કે જેમાં પરમાત્મા બનવા માટે એક પામરમાં મનુષ્યને તક છે. જૈન ધર્મમાં ૨૪ (ચોવીસ) તીર્થંકર થયા. દરેક મનુષ્ય તપ, ધ્યાન અને ત્યાગની પરાકાષ્ઠાએ પહોંચી તીર્થંકર - સ્વરુપ બની શકે છે, પછી ભલે તે જૈન હોય કે જૈનેતર !'

આજના જન્મકલ્યાણક પર્વે મહામાનવ મહાવીર તીર્થંકરને કોટિ કોટિ વંદન...!!!

●●●

તેજસ્વી સમ્માન ખોજતે નહીં અપના ગોત્ર બતલાકે,
જગ સે પ્રશસ્તિ પાતે હૈ અપના કરતબ દીખલા કે !

અઢારમી - ઓગસમી સદીનો એ જમાનો.... આભડછેટ - અસ્પૃશ્યતા, નાત-જાતના ઊંચનીચના ખોટા ખ્યાલની માનસિક અને સામાજિક ગંદકીથી ભારતીય સભ્યતા ખદબદી રહી હતી. એવે ટાણે મહારાષ્ટ્રના રત્નાગીરી જિલ્લામાં આંબડવા ગામે સૂબેદાર રામજી સકપાલને ત્યાં ચૌદમું સંતાન પુત્રરત્ન અવતર્યું. જે બળવાન અને મહાન બનીને રાષ્ટ્રનું કલ્યાણ કરશે એટલે માતા ભીમાબાઈનું બાળકનું નામ ભીમરાવ રાખવામાં આવ્યું.

સમય જતાં આ રાષ્ટ્રરત્ને જનકલ્યાણ અને રાષ્ટ્રહિતનાં કાર્યો કરી દેશને ગરિમા બક્ષી ! પ્રતિપળ સંઘર્ષનો સામનો કરતાં કરતાં સેવા.... સત્યતા... અને સાધનાના માર્ગે આગળ વધતા રહ્યા. સંસ્કૃત ભણવાની ઈચ્છા પણ અસ્પૃશ્યતા હોવાને કારણે દેવભાષાથી છેટા રહેવું પડ્યું તે ફારસી ભણ્યા ! પણ આ બળૂકો ભીમ શિક્ષણને શસ્ત્ર બનાવી આગેકૂચ કરતો રહ્યો... પોતાની જ્ઞાતિમાં સર્વ પ્રથમ મેટ્રિક પરીક્ષા પાસ કરવા બદલ વિદ્વાન શિક્ષક કેલુસ્કરજીએ આશીર્વાદ રુપે ગૌતમ બુદ્ધનું ચરિત્ર પુસ્તક ભેટ આપ્યું જે ભીમરાવે આત્મસાત કર્યું. આપબળે આગળ વધી શિક્ષણના ઉત્તુંગ શિખરો સર કર્યા.

અસાધારણ શિક્ષણ પ્રતિભા હોવા છતાં વિનમ્ર રહી 'મૂકનાયક' પત્રિકા અને 'બહિષ્કાર-હિતકારીણીસભા' ની રચના કરી અસ્પૃશ્યતો, દલિત, પીડિત, વંચિત, શોષિત - વર્ગના ઉદ્ધાર માટે ભગીરથ કાર્ય કર્યું.

ડૉ. ભીમરાવ આંબેડકર એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્ત્વચિંતક, નૃવંશશાસ્ત્રી, ઈતિહાસકાર અને અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયોના જ્ઞાતા હતા - આવી વિરાટ પ્રતિભાને 'ભીમોત્સવ' ટાણે શત શત્ વંદન...!!!

સ્પર્શમણિ :

સજ્જન આંગળી પકડે અને સ્વાર્થી અંગૂઠો બતાવે છે.

●●●

કોઈકને 'ડર' છે કે ઈશ્વર જુએ છે, કોઈકને 'વિશ્વાસ' છે કે ઈશ્વર જુએ છે !

●●●

ગુસ્સો તમને મામૂલી માણસ બનાવે છે, મદદ તમને મોટા માણસ બનાવે છે જયારે ક્ષમા તમને મહાન માણસ બનાવે છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

દિન મહિમા

- ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ.
- રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન.

આજનું

ઔષધ

- મરીને પાણીમાં ઘસીને આંજણી ઉપર લેપ કરવાથી આંજણી જલ્દી પાકીને ફુટી જાય છે.

ખડખડાટ

- તુ પોતાનો ગરીબ હોવાનો દાવો ન કર ગાલિબ.... મેં તને ભર બજારે લીંબુ સોડા પીતો જોયો છે...

આજનો

વોટ્સએપ

- વીતી જશે એ વખત કહેવાશે અને જીવી જશો એ જીવન કહેવાશે.

અમારો પ્રવાસ એના અંતિમ ચરણમાં હતો

સ-રસ
મમતા બુચ

ફરવાના દિવસો પૂરા થઈ રહ્યા હતા. અમે શિમલાથી નીકળી ચંડીગઢના રસ્તે હતા. ત્રણ કલાક પછી અમારે સુંદર, રમણીય હિમાચલ પ્રદેશમાંથી ઉડી જવાનું હતું. હિમાચલની શીતળતામાંથી અમદાવાદની ગરમીમાં જઈ પડશું એ વિચાર જ અકળાવી દેતો હતો. અને ઉપરથી ટૂર ઓપરેટરનો મારે તેને આપવાની બાકી રહેલી રકમને લઈને વારંવાર ફોન આવ્યા કરતો હતો.

જો કે એ પણ સાવ ખોટો નહોતો. અમારો પ્રવાસ એના અંતિમ ચરણમાં હતો. અને એને એના પૈસાની ચિંતા હતી. પણ સાથે હું પણ ખોટો નહોતો. પંદરેક દિવસના પ્રવાસમાં બધા પૈસા સાથે લઈને ફરવું હિતાવહ નહોતું. અમુક રકમ ટૂર ઓપરેટરના ખાતામાં મેં અગાઉથી જમા કરાવેલ હતી. બાકીની રકમ મારે હિમાચલ છોડતાં પહેલાં એને આપી દેવાની હતી. પણ દુર્ભાગ્યે મેં જેની ઉપર મદાર રાખ્યો હતો તે મારું નેટ બેંકિંગ લગાતાર ટેકનીકલ ફોલ્ટ બતાવી રહ્યું હતું. હું પણ પરેશાન હતો પણ કોઈ ઉપાય મળતો નહોતો. હિમાચલના પહાડી રસ્તામાં જલ્દી એ.ટી.એમ. સેન્ટર આવતું નહોતું. અને એ.ટી.એમ.થી પણ કદાચ એટલી મોટી રકમ નહિ ઉપડે એવો છૂપો ભય મારા મનમાં હતો જ. છેલ્લા બે'ક દિવસથી હું પ્રયત્ન કરી રહ્યો હતો પણ મને નિરાશા સાંપડી રહી હતી.

ફરી મોબાઈલની રીંગ વાગી, ફરી મિ. શર્માનું નામ ફ્લેશ થયું અને મેં ફરી ક્ષોભ સાથે ફોન ઉપાડ્યો. 'મિ. શર્મા, મુઝે આપસે જ્યાદા ચિંતા હો રહી હૈ. મેરે યહાઁ સે જાને સે પહેલે આપકો આપકે પૈસે મિલ જાયેંગે.' સામેથી એવો જ ક્ષોભિત અવાજ આવ્યો, 'નો, નો, સર. આઈ અંડરસ્ટેન્ડ. મુઝે અપને સિનિયરકો જવાબ દેના હોતા હૈ ઈસલીયે...મેરે સિનિયર કહ રહે થે કી પૈસે લિયે બિના ચંડીગઢ છોડને મત દેના. લેકિન સર, મુઝે આપ કે ઉપર પૂરા ટ્રસ્ટ હૈ. ' મારી મૂંઝવણમાં વધારો થતો જતો હતો.

મારો ડ્રાઈવર મારી અકળામણથી પૂરો વાકેફ હતો. બલ્કે, મારી અકળામણનો એ સાક્ષી હતો. ટૂર ઓપરેટરની વિનંતી હતી કે મારે હિમાચલ પ્રદેશ છોડતાં પહેલાં મારા ડ્રાઈવરને બાકીના પૈસા આપી દેવા. એ એને પહોંચાડી દેશે. કેમકે ડ્રાઈવર પણ ટૂર ઓપરેટર દ્વારા કરાયેલી વ્યવસ્થાનો જ એક ભાગ હતો. પણ યક્ષપ્રશ્ન એ હતો કે મારા બેંક એકાઉન્ટમાંથી પૈસા કેવી રીતે કાઢવા. પત્ની પણ મને જ દોષ આપી રહી હતી, 'મેં તમને કહ્યું હતું કે બે દિવસ પહેલાં જ પૈસા શર્માના ખાતામાં ટ્રાન્સફર કરી દો. પણ મારું તો તમે ક્યારે સાંભળો છો?'

મારો ટીનેજર પુત્ર મારી તરફેણમાં હતો. 'મમ્મી, પપ્પા બે દિવસથી ટ્રાય કરી જ રહ્યા હતા. અને આપણો ઈરાદો એને પૈસા ન આપવાનો તો ન જ હોય ને!' 'ના, તું એમનો પક્ષ ન લે. હું એમને બરાબર ઓળખું ને! છેક છેલ્લી ઘડી સુધી એમની આંખ ખુલે નહીં ને પછી દોડાદોડ!' વાત સાવ ખોટી પણ નહોતી. 'પણ આ વખતે તો થોડો વાંક ટેકનોલોજીનો પણ છે!' મેં લૂલો બચાવ કર્યો.

પણ દીકરો વધારે પ્રેક્ટીકલ હતો. 'પપ્પા, એ વાત છોડો. હવે શું કરવું એ વિચારો.' ડ્રાઈવર પવન આ બધું જોઈ-સાંભળી રહ્યો હતો. એ પંજાબી હતો. પણ ગુજરાતી પ્રવાસીઓ સાથે ફરી-ફરીને થોડું-ઘણું ગુજરાતી સમજતો થઈ ગયો હતો. એણે કહ્યું, 'સાબ, એક રાસ્તા હૈ. ચંડીગઢ એરપોર્ટ પે પહોંચને કે બાદ આપ વહાઁ સે એ.ટી.એમ. સે પૈસે નિકાલ સકતે હૈ.' મેં સંમતિ દર્શાવી. આમે ય મારી પાસે બીજો વિકલ્પ હતો જ નહીં.

એરપોર્ટ પહોંચ્યા પછી મેં એસ.બી.આઈ.ના એ.ટી.એમ.ની શોધ આદરી. લિફ્ટમાં નીચેના માળે પહોંચ્યો. નીચે જોયું તો લાંબી લાઈન! મારા મોતિયા મરી ગયા! ચેક-ઈન કરાવવાનો સમય વહી રહ્યો હતો. પણ છૂટકો નહોતો. અધૂરામાં પૂરું એ.ટી.એમ.સેન્ટરમાં વચ્ચેથી ઘૂસવાની બાબતમાં બે પ્રવાસીઓ વચ્ચેનો ઝઘડો પણ પંદર મિનિટ ખાઈ ગયો. વચ્ચે-વચ્ચે પત્નીનો ચિંતાતુર સ્વરે ફોન આવતો રહેતો હતો. હું એને હૈયાધારણ આપતો રહેતો હતો પણ સાચું પૂછો તો મને પણ પરસેવો છૂટી ગયો હતો.

અંતે પોણા કલાક પછી મારા હાથમાં પૈસા હતા. ઉપરવાળાનો આભાર કે મારે જેટલા આપવાના હતા એટલા હું એ.ટી.એમ.થી ઉપાડી શક્યો હતો. અમદાવાદ જતી ફ્લાઈટ માટે પ્રવાસીઓને ચેક-ઈન કરાવવાનું સતત એનાઉન્સમેન્ટ થઈ રહ્યું હતું. હું હાંફળો-ફાંફળો પાર્કિંગ તરફ દોડ્યો. મારો ડ્રાઈવર બહાર જ આંટા મારી રહ્યો હતો. મેં એના દેખતાં સ્વસ્થતા ધારણ કરી લીધી. પત્ની અને બાળકોને એરપોર્ટના એન્ટ્રન્સ તરફ સામાન લઈને આગળ વધતાં થવાની સૂચના આપી હું ડ્રાઈવર તરફ ફર્યો.

'પવન, યે પૈસે લો. મિ. શર્માકો દે દેના. ઉન્હોંને મુઝે ફોનપે તુમ્હેં દેનેકે લિયે કહા થા. ચાલીસ હઝાર હૈ. ગિન લો.' જવાબમાં એ મુસ્કુરાયો. 'સાબ, ઈસમેં ગિનના ક્યા? આપને દિયે હૈ તો ઠીક હી હોંગે.' મેં કહ્યું, 'ફિર ભી એક બાર ગિન લો. હડબડીમેં શાયદ કમ તો નહીં દિયે મૈને! શર્માજી તો બહોત ચિંતિત હૈ.'

'સાબ, ઈન્સાનકો ઈન્સાનકી પહેચાન હોની ચાહિયે. આપને હિમાચલ આને સે પહેલે શર્માસાબસે કિતની બાર બાત કી હોગી! વો અગર મુઝસે ભી પૂછતે તો મેં કહેતા કી આપ અહમદાબાદ પહોંચતે હી ઉનકે પૈસે દે દેંગે. ઈસ બાતકી ગારંટી મૈ દેતા હૂં.' મેં કહ્યું, 'પવન, ઈસમેં વો કુછ ગલત નહીં સોચ રહે હૈ. ઉનકી જગહ કોઈ ભી હોતા તો ઐસે હી સોચતા. તુમ યે પૈસે જલ્દી સે ગિનો. કહીં કમ પડ ગયે તો તુમ્હેં શર્માજીકો દેને પડેંગે.' એણે હસતાં-હસતાં પૈસા ગણ્યા વગર જ ખિસ્સામાં મૂકી દીધા.

'પપ્પા, જલ્દી ચાલો ને. મોડું થશે તો ફ્લાઈટ ચૂકી જઈશું. મમ્મીને ત્યાં ઉભી રાખીને આવ્યો છું.' દીકરો મને ખેંચી રહ્યો હતો. મેં પવનને ટીપ આપવા ખિસ્સામાં હાથ નાખ્યો. 'રહને દો, સાબ. આપકા કામ હો ગયા યહી ખુશીકી બાત હૈ.' એણે કહ્યું. મેં હળવું હસતાં કહ્યું, 'અરે પવન, ઈતના તો પહેલે સે મેરે પાસ પડા થા.' જવાબમાં એ કારમાં બેસતાં-બેસતાં હસ્યો, 'સાબ, બસ ઈતના કરના. અહમદાબાદ પહોંચતે હી મુઝે ફોન કર દેના.' એરપોર્ટ તરફ જતાં-જતાં હું વિચારી રહ્યો કે આ એ જ પવન હતો કે જેની પ્રવાસ દરમ્યાન નાની-મોટી ભૂલોને લઈને મેં ફરિયાદો કરી હતી અને તે પણ મિ. શર્મા આગળ!

મને ભેંટી જ પડવું હો તો અચકાય છે એ ક્યારે ? ગજબ છે, યાદ તારી ક્યાંય શરમાઈ નથી શકતી!

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

સાચે જ યાદો બેશરમ હોય છે, કોઈની પણ હાજરીની એ ક્યારેય તમા નથી રાખતી. તમે ટોળા વચ્ચે ઊભા હો કે એકલા હો કોઈકની યાદ જયારે આવે ત્યારે ફક્ત એ વ્યક્તિ સિવાય બીજા બધાથી, અરે પોતાની જાતથી પણ વિમુખ થઈ જ જવાય છે.

આજે એક વોટ્સેપ ગ્રુપમાં જીગર ફરાદીવાલા સાહેબની એક ખૂબ સુંદર રચના વાંચી, એમાંની બે લીટીઓ ખૂબ ગમી અને મેં એને જ આજના લેખના ટાઈટલ તરીકે લીધી છે. એ બે પંક્તિ વાંચતા જ જે પહેલો વિચાર મારા મનમાં આવ્યો તે એ કે જો માણસ પાસે આ યાદોનો ખજાનો ના હોત તો એ કેટલો એકલો હોત. ક્યાંક બાળપણના સંસ્મરણો, ક્યાંક દાદા-દાદીએ કહેલી વાતો, ક્યાંક સ્કૂલની યાદ, તો ક્યાંક પેલી પહેલાં પ્રેમની હજી તરબતર કરી જતી લાગણી, કોલેજના પહેલા દિવસની વાત હોય કે લગ્ન પછીનો પહેલો દિવસ હોય, એ દિલ તૂટવાની વાતો અને એ તૂટ્યા પછી કાયમ મનમાં જ રચાતી તોડેલું જોડવાની વાતો... આ બધું જો ભુલાઈ જાય તો? તો પછી જીવનની એક ના સમજાય એવી મજા કદાચ જતી રહે.

એક ઘરમાં વૃદ્ધ કાકા-કાકી રહેતાં. બંને શાંત સ્વભાવના, પ્રેમાળ અને બીજાને નડ્યા વગર જીવનારા નિર્દોષ જીવ હતાં. હવે ઉંમરને લીધે થયું એવું કે કાકી ધીમે ધીમે બધું ભૂલવાં લાગ્યાં. માણસ વૃધ્ધ થાય એટલે એને કેટલીય બીમારીઓ ઘેરી વળે છે. કહે છે શરીરને આખી જિંદગી જે જે ઘસારો લાગ્યો હોય એ વૃદ્ધાવસ્થામાં દેખાય છે. ઘસારો શરીરને લાગે એ નરી આંખે દેખાય છે પણ મનનું શું? મનનો ઘા જોઈ શકે એવું કોઈ યંત્ર હજી વિજ્ઞાન પાસે નથી આવ્યું પણ, એ મનમાં જે કોઈ ડખો પડ્યો હોય એની શું અસર આવી રહી છે એ વિશે હવે વિજ્ઞાન સમજાવી શકે છે. કાકાને પણ દાક્તરે બરાબર સમજાવી દીધું કે કાકીને ભૂલવાનો રોગ લાગુ પડ્યો છે.

હવે કાકી વૃદ્ધ થયા તો કાકા ક્યાંથી જુવાન રહી જવાના? ઉંમરમાં તો એ કાકી કરતા પૂરા અઢી વરસ મોટા હતા. જીવનમાં જે પણ તડકી છાંયડી આવી તે એ બંનેએ સાથે સાથે જોઈ હતી, સાથે ભોગવી હતી ત્યારે હવે કાકી એકલા બીમાર પડી જાય અને બધું ભૂલી જાય એ કાકાને ગમ્યું નહીં. એમણે ડૉકટર પાસેથી જાણી તો લીધું કે કાકીને ભૂલી જવાની બીમારી લાગુ પડી છે પણ એમણે એ સ્વીકાર્યું નહીં! એમને એ મંજૂર જ નહોતું કે એમની પત્ની આવા કોઈ રોગથી પીડાય. કાકાને મનોમન થતું હતું કે એ જો થોડોક પ્રયત્ન કરતા રહેશે તો કાકીને બધું યાદ આવી જશે. એ રોજ કાકીને પાસે બેસાડી જૂની જૂની વાતો, પ્રસંગો વગેરે યાદ કરે. કેટલીય કડવી-મીઠી યાદો એમની આગળ યાદ કરી કરીને કહે અને કાકીને નવેસરથી જાણે એમનું આખું લગ્ન જીવન કહી સંભળાવે. કાકી સવારે એમની પાસેથી બધું સાંભળે, યાદ રાખવાનો શક્ય એટલો પ્રયાસ કરે અને સાંજ પડે કાકા એમને જમવા બોલાવે ત્યાર સુધીમાં તો એ બધું ભૂલી જાય...

એક દિવસ તો હદ થઈ ગઈ, સવારે કાકાએ દવા આપી ત્યારે કાકીએ શંકાથી એમની સામે જોઈ પૂછ્યું, "તમે કોણ છો ભાઈ અને આ મને શેની ગોળીઓ આપો છો?"

બીજું કોઈ હોય તો આવી ક્ષણોમાં હિંમત હારી જાય પણ આ કાકા નોંખી માટીના બનેલા હતા. એમને થયું કે કાકીને હવે સાચે જ કંઈ યાદ નથી રહેતું ત્યારે જો એમને કંઈ થઈ જાય તો પછી કાકીનું ધ્યાન કોણ રાખશે? દીકરો અને વહુ સારા હતા, પણ એ લોકો પાસે એટલો સમય નહોતો કે રોજ રોજ કાકી પાસે બેસીને વાતો કર્યા કરે. એ લોકોએ તો ડોકટરે કહ્યું એવું જ માની લીધેલું કે કાકીને હવે કંઈ યાદ નથી રહેવાનું. આખરે કાકાએ એક રસ્તો શોધી લીધો.

કાકા હવે રોજ સવારે એમનો ફોન લઈ ઘરના કોઈ એક ખૂણે બેસી જાય છે. એમની પાસે કોઈ ને કોઈ જૂના વખતના ફોટા હોય છે જેને એ ફોન સામે ધરી વિડિયો રેકોર્ડ કરે છે અને જૂનો, વીતેલા વખતનો કોઈ ને કોઈ પ્રસં